# મફતનું જીવન કેટલું જીવશો?

આ પ્રશ્ન સીધો આપના સંદર્ભમાં છે. થોડાં સમયમાં ચુંટણી આવશે અને એક નવી રાજકીય પાર્ટી આપણને મફત આપીને ખરીદવાનો પ્રયત્ન કરશે. મફત.. મફત.. મફત. આ મફતનો મતલબ જાણો છો? શું તમને ખબર છે કે આ મફતની લતએ તમને અને આપની આવનાર પેઢીની કરોડરજ્જુ ખલાસ કરી નાંખી. એક બીજાની ઉપર દોષનો ટોપલો નાંખતા આપણે સૌ શું જાણીએ છીએ કે આ ભયંકર ભૂલો આપણને ક્યાં લઈ જશે? શું તમે જાણો છો અત્યારની શ્રીલંકાની સ્થિતિ એટલે આ મફતનું જીવતુંજાગતું ઉદાહરણ. આ વૃતિ આપણી માનસિકતા જાહેર કરે છે. તો મફતનું આ ગુલામીભર્યું જીવન છે તેની થોડી યાત્રા કરી લઈએ. શું ખબર કદાચ એકાદ વ્યક્તિ આ વાંચીને આ સંદર્ભમાં વિચારે.

ગુલામીમાંથી તો સ્વતંત્ર થઈ ગયા. પરંતુ બીજી ગુલામીના ભોગ બનતા આપણે સૌએ હવે ગુલામીને જ આપની માનસિકતા બનાવી દીધી છે. ઉદાહરણ સ્વરૂપે જાણવું તો જે વ્યક્તિ અંધકારમાં જીવે છે તેને પ્રકાશ વિષે કઈં ખબર જ નથી. અને પ્રકાશની વાત પણ થાય તો અટ્ટહાસ્ય કરીને પોતાના અહંકારથી તેના તરફથી પીઠ બતાવીને ઊભો થઈ જાય છે. બસ આવી જ કઇંક વાત છે આ અંધકારરૂપી મફતની. તમને વિચાર આવશે કે શું વાંધો છે આપણે શા માટે એવી સરકારને ના ચૂંટીએ જે મફત આપે? શું ટેક્સ નથી ભરતા? બિલકુલ વાત સાચી પરંતુ આપને ખબર છે માત્ર એ મફત આપની પાસેથી જ આડકતરી રીતે વસૂલવામાં આવે છે અને પૈસાદાર અને ગરીબી વચ્ચેનો તફાવત વધતો જાય છે. જો ઉદાહરણ સ્વરૂપે સમજવું તો આપણી મોબાઇલની દુનિયા.

સોશિયલ મીડિયાએ હવે તો ઘર ઘર અને નાના બાળકોના માનસમાં એવી જગ્યા બનાવી છે કે જાત જાતના માનસિક બીમારીથી પીડાતા તેઓ અગ્રેશન, સ્ટ્રેસ, ચિંતા અને ઓછા શારીરિક મહેનતથી વધુની અપેક્ષા એટલે મફતમાં હજુ એક વધારો. ચાલો આપણી વાત કરીએ. સોશિયલ મીડિયામાં બતાવવામાં આવતા જાતજાતના વિડીયો એટલે આપના દિવસનો સૌથી મોટો ભાગ. શું આપ જાનો છો કે મફતમાં આટલું મનોરંજન તમારાં સમયનો સોદો છે? અને સમય એટલે તમારી મૂડી. અને તમારા વ્યતીત થતાં ઘણાં બધાં કલાકો એટલે તેમની ટીઆરપી. જેટલો વધુ સમય અને વધુ માણસો એટલી જ આવકમાં વધારો. પરંતુ તમને ખ્યાલ પણ ના રહ્યો કે ક્યારે આપણે આપણી સારી ટેવોને ભૂલતા ગયા. જ્યાં વર્ષમાં બે વખતના પત્રો પ્રેમ અને લાગણીના ચિહ્નો હતાં ત્યાં વોટ્સ અપમાં કહેવાતા ગુડ મોર્નિંગ સામાન્ય બન્યા. જ્યાં ભાવભર્યો ઉમળકાથી આવકાર હતો ત્યાં ફોન કરીને ન આવ્યા જેવી લગણીઓએ સંબંધોને ટૂંકાવી નાખ્યા. આ શું છે મફત મળતી આ સુવિધાની ભરપાઈ. બસ આવી જ કઇંક ભરપાઈ આપણે આડકતરી રીતે કરીએ છીએ. ટૂંકમાં મળતી આ સુવિધા તમારી લાંબા ગાળાની ગુલામી બની જાય છે અને તમને ખબર પણ નથી હોતી કે આપ ગુલામ છો.

ચાલો આ તો ઉદાહરણ સ્વરૂપે આપને થોડાં અવગત કર્યા. પરંતુ આપને જાણવાની જરૂર છે કે આ કોઈ રાજકીય પાર્ટી શા માટે આપણને મફતમાં સુવિધા આપીને વોટ માંગી શકવાની તાકાત

ધરાવે છે? શું આપણે એટલા ની:સહાય છીએ કે રોજની જીવન જરૂરી સગવડોને કમાઈ ના શકીએ? આપને ખબર છે કે આપણું કામ માત્ર આ પૃથ્વી પર અવતરીને બીજા આપણાં જેવાં ગુલામને જન્મ આપવાનું નથી. પરંતુ સ્વતંત્ર રહીને સમાજને ઘડવાનું પણ કાર્ય છે. તો આ મફતમાં સુવિધા આપીને ખરીદનાર અને આપણે વેચાવનાર વ્યક્તિની માનસિકતા સમજીએ.

કોઈ શા માટે મફત આપે?

થોડીક વાર આ પ્રશ્ન પોતાને કરજો. શું આપ કોઈને કોઈ વસ્તુ મફતમાં આપો છો? એવી કિંમતી વસ્તુ કે જેની ભરપાઈ આપ કરી રહ્યા છો? ના. તો તમને કોઈ મફતમાં આપે તો જાણવું જરૂરી છે કે શા માટે તે મફતમાં આપી રહ્યા છે? તેની પાછળનો મુખ્ય હેતુ શું છે? જો આપણે ચાલક અને ચપળ છીએ એ જ માધ્યમને મનોરંજન તરીકે ઉપયોગ કરવા માટે તો થોડાં હોશિયાર બનો, એ જ માધ્યમને પોતાનું જ પ્લેટફોર્મ બનાવો. જાગૃત પ્રજાનું કાર્ય એ જ છે કે તે ભોળવાઈ ના જાય. પરંતુ ભ્રમિત કરતાં વ્યક્તિઓને ઉઘાડા પાડે. ચાલો એક સમય માટે આપણે વિચારી લઈએ કે મફત આપનાર વ્યક્તિનો હેતુ સારો જ છે. પરંતુ આપને ખબર છે આ મફત તમારી માનસિક અવસ્થાને નિર્બળ બનાવે છે. અને જ્યાં શિષ્ટાચારથી આપણે જીવન જીવીએ છીએ તે જ જીવન માટે આપણે કોઈના ઉપર નિર્ભર બની રહીએ છીએ. ૧૯૪૭ પછીની એવી કેટલી બધી મફતની યોજનાઓ છે જે યોજનાઓ આજે પણ આપણને સૌને આત્મનિર્ભર બનવાની જગ્યાએ નોકરી કરતાં કરી મૂક્યા છે. જ્યાં સ્વતંત્ર રહીને રોટલો રળી શકતા ત્યાં હવે સેલરીના ગુલામ બન્યા. જ્યાં પોતાની કળાને વિકસાવીને જીવન જીવાતું ત્યાં નોકરી કરવાની મજબૂરી થઈ ગઈ. વિચાર જો આપ સૌ આ મફતની માયાજાળથી અજાણ નથી. પરંતુ દરેક પગલે આપણે સાવચેતી રાખવાની જરૂંર છે કે આ મફત આપણને ક્યાં લઈ જાય છે.

નમસ્તે